રાજ્ય ચૂંટણી આયોગ,

બ્લોક. નં.૯,૬ ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૬-૦૧-૨૦૧૯

-:અખબારી યાદી :-

રાજ્ય ચૂંટણી આયોગે રાજકોટ મહાનગરપાલિકા વોર્ડનં.૧૩ અને રાજ્યની ૧૦ નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ કુલ ૧૧ બેઠકોની પેટા ચૂંટણી તા. ૨૭-૦૧-૨૦૧૯ના રોજ યોજવા તા.૩૧ -૧૨-૨૦૧૮ના રોજ કાર્યક્રમ જારી કરેલ છે .

ઉક્ત જાહેર કરેલ નગરપાલિકાઓની ખાલી પડેલ બેઠકો પૈકી ધ્રાંગધ્રા નગરપાલિકાના વોર્ડનં.૧ તથા વડનગર નગરપાલિકાના વોર્ડનં.૭ માં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર બિન હરીફ થયેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા વોર્ડનં.૧૩ની એક બેઠકની પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ૧, અપક્ષના ૫, મળી કુલ ૬ ઉમેદવારો હરીફાઈમાં રહેલ છે.

૮ નગરપાલિકાઓની બાકી રહેતી ૯ બેઠકોની પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ૯, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ૭, અપક્ષના ૭, તથા અન્ય પક્ષના ૨ એમ મળી કુલ ૨૫ ઉમેદવારો હરીફાઈમાં રહેલ છે.

તા.૨૭-૦૧-૨૦૧૯ ના રોજ યોજાનાર ચૂંટણી અંગેની વિગતો નીચે મુજબ છે .

| અ.નં | ચૂંટણીની વિગત | મહાનગરપાલિકા રાજકોટ વોર્ડનં ૧૩ | નગરપાલિકા પેટા ચૂંટણી |
|---|---|---|---|
| ૧ | ચૂંટણી હેઠળની કુલ બેઠકો | ૧ | ૯ |
| ૨ | મતદાન મથકોની સંખ્યા | ૫૦ | ૬૨ |
| ૩ | મતદારો પુરૂષ | ૩૦૪૬૫ | ૨૭૧૬૪ |
| ૪ | મતદારો સ્ત્રી | ૨૮૧૦૪ | ૨૬૧૨૮ |
| ૫ | કુલ મતદારો | ૫૮૫૬૯ | ૫૩૨૯૨ |
| ૬ | ચૂંટણી અધિકારીઓની સંખ્યા | ૧ | ૮ |
| ૭ | મદદનીશ ચૂંટણી અધિકારીઓની સંખ્યા | ૧ | ૮ |
| ૮ | પોલીંગ સ્ટાફની સંખ્યા (અંદાજીત) | ૪૦૦ | ૩૮૩ |
| ૯ | પોલીસ સ્ટાફની સંખ્યા (અંદાજીત) | ૨૦૦ | ૧૫૬ |

તા.૨૬-૦૧-૨૦૧૯ના રોજ મતદાન માટે જિલ્લા તંત્ર ધ્વારા નિયુક્ત કરેલ મતદાન ટુકડીઓ મતદાનની સામગ્રી સહિત આજરોજ પોત પોતાના નિયુક્ત કરવામાં આવેલ મતદાન મથકો પર પહોંચી ગયેલ છે.

તા.૨૭-૦૧-૨૦૧૯ના રોજ યોજાનાર નગરપાલિકાઓની પેટા ચૂંટણીમાં મતદાન મથકે મત આપવા જનાર મતદારે ભારતના ચૂંટણી પંચે આપેલ મતદાર ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે. **અનિવાર્ય સંજોગોમાં જો મતદાર ઓળખપત્ર રજૂ ના કરી શકે તો રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચઆ-**



Scanned by CamScanner

ચટણ-સ્થા.સ્વ.૨૫-૧૧૨૦૧૬-ક તા.૨૬-૧૧-૨૦૧૬ થી નક્કી કરેલ ફોટા સાથેના આધારકાર્ડ સહિતના વિવિધ ૧૪(ચૌદ) દસ્તાવેજી પુરાવાઓ માંથી કોઈપણ એક પુરાવો રજૂ કરી મતદાન કરી શકશે .

મહાનગરપાલિકા/નગરપાલિકાઓની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીમા મતદારો વીજાણુ મતદાન યંત્રો (ઇ.વી.એમ) ના ઉપયોગથી મતદાન કરશે.

જે મતદાન મથકો પર મતદાન થવાનું છે તે પૈકી સંવેદનશીલ/અતિસંવેદનશીલ મતદાન મથકો પર મતદારો નિર્ભયતાથી મતદાન કરી શકે તે માટે વધારાના પોલીસ ફોર્સ / પોલીસ પેટ્રોલીંગની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

રાજ્યની નગરપાલિકાની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તેવી નેમ છે. રાજ્ય ચૂંટણી આયોગ રાજ્યના મતદારોને ચૂંટણી પ્રક્રિયામાં પૂર્ણ સહયોગ આપવા અપીલ કરે છે.

રાજ્ય ચૂંટણી આયોગ તથા જિલ્લાના વહીવટી તંત્રે આ ચૂંટણીઓમા મતદારો પોતાની પસંદગી મુજબ મતદાન કરી શકે તે માટે તથા શાંતિપૂર્વક, એખલાસભર્યા વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે પૂરતા પોલીસ બંદોબસ્ત સાથે જરૂરી વ્યવસ્થા કરી છે ત્યારે લોકતાંત્રિક પર્વમાં રાજકીય પક્ષો, આગેવાનો, ઉમેદવારો, મતદારો તથા જનતા સહયોગ આપશે તેવી રાજ્ય ચૂંટણી આયોગ શ્રધ્ધા વ્યક્ત કરેછે .

ક્રમાંક: રાચઆ-ચટણ-સ્થા.સ્વ.૧૩-૧૨૦૧૯-ક

Sheikh F. I.
(એફ.આઈ.શેખ)
નાયબ ચૂંટણી કમિશ્નર
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

પ્રતિ,
માહિતી કમિશ્નર શ્રી,
ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
( આ અખબાર યાદી જુદા જુદા વર્તમાનપત્રોમાં વિનામુલ્યે પ્રસિધ્ધ થાય તે જોવા વિનંતી છે.)
-રાજ્ય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ

Scanned by CamScanner